# સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ.),ગુજરાત દ્વારા સંચાલિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં (કેજીબીવી) ફકત મહિલા શિક્ષકોની ભરતી

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ.) અંતર્ગત કાર્યરત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના અતિ છેવાડાના ઓછા સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓમાં કાર્યરત નિવાસી શાળાઓમાં હાલની પરિસ્થિતિની ખાલી જગ્યાઓ અને ભવિષ્યમાં ખાલી થનાર જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે (કોન્ટ્રાક્ટ બેઝ) ફકત મહિલા શિક્ષક ઉમેદવારોની ભરતી માટે તા.૧૬.૦૫.૨૦૧૭ થી તા.૨૫.૦૫.૨૦૧૭ દરમ્યાન ON LINE અરજીઓ મંગાવવામાં આવે છે.
આ જાહેરાતમાં માત્ર ON LINE અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

જગ્યાનું નામ:

| ક્રમ નં. | જગ્યાનું નામ | મહેનતાણું |
|---|---|---|
| ૧ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) ગણિત-વિજ્ઞાન | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૨ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) સામાજીક વિજ્ઞાન | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૩ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) ભાષા | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૪ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) અંગ્રેજી | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૫ | વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી) | રૂ.૨૫,૦૦૦/- માસિક લેખે |
| ૬ | માધ્યમિક વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી) | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૭ | આસિ. વોર્ડન ધો.-૬ થી ૮ તથા ધો.-૯ અને ૧૦ (નિવાસી) | રૂ.૧૫,૦૦૦/- માસિક લેખે |
| ૮ | ખંડ સમયના શિક્ષક (એ.ટી.ડી.) (બિન નિવાસી) | રૂ.૭,૫૦૦/- માસિક લેખે |
| ૯ | ખંડ સમયના શિક્ષક (સી.પી.એડ.) (બિન નિવાસી) | રૂ.૭,૫૦૦/- માસિક લેખે |
| ૧૦ | ખંડ સમયના શિક્ષક (ગણિત-વિજ્ઞાન અને કમ્પ્યુટર) (બિન નિવાસી) | રૂ.૭,૫૦૦/- માસિક લેખે |
| ૧૧ | હિસાબનીશ (બિન નિવાસી) | રૂ.૭,૫૦૦/- માસિક લેખે |

<u>નોધ :</u> પૂર્ણ સમયના શિક્ષક (ગણિત-વિજ્ઞાન) માટે **TET** મરજીયાત રહેશે. **TET** ની લાયકાત ન ધરાવતા શિક્ષકને રૂ. ૧૦,૦૦૦/- મળવાપાત્ર થશે.

<u>વય મર્યાદા:</u> અરજી કરવાની છેલ્લી તારીખે ૪૦ વર્ષથી વધુ નહિં

<u>નિમણુંકનો પ્રકાર:</u> કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસથી વધુ નહિં

ઉમેદવારોએ ઓનલાઇન (ON LINE) અરજી http://www.ssagujarat.org વેબસાઇટ પર જઇ Recruitment પર ક્લિક કરી, કરવાની રહેશે. ઓનલાઇન કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા વેબસાઇટ પર મુકેલ છે, જેને વાંચીને અરજી કરવાની રહેશે.
ઉમેદવારે અરજી જે જિલ્લા અને જે જગ્યા માટે કરેલ હશે તે જ માન્ય ગણાશે. ઉમેદવારે ઓનલાઇન કરેલ અરજીની પ્રિન્ટ કરી, પોતાની પાસે રાખવાની રહેશે. ઇન્ટવ્યું સમયે આ પ્રિન્ટ આઉટ, તેમજ નિયત લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

**ઓનલાઇન અરજી શરૂ કરવાની તારીખ: ૧૬.૦૫.૨૦૧૭**

**ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ: ૨૫.૦૫.૨૦૧૭**

**મેરીટ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ થવાની તારીખ: ૦૫.૦૬.૨૦૧૭**

સહી/-
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સર્વ શિક્ષા અભિયાન, (એસએસએ)
સેકટર-૧૭, ગાંધીનગર

## "ON LINE – ઓનલાઇન" અરજી કરવા માટેની સૂચનાઓ

સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ.) અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા મંજુર થયેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના - નિવાસી શાળાઓમાં હાલની પરિસ્થિતિની ખાલી જગ્યાઓ અને ભવિષ્યમાં ખાલી થનાર જગ્યાઓ માટે ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે (કોન્ટ્રાક્ટ બેઝ) નીચે દર્શાવેલ વિગતેની ભરતી માટે તા.૧૬.૦૫.૨૦૧૭ થી તા.૨૫.૦૫.૨૦૧૭ દરમ્યાન ON LINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ જાહેરાતમાં માત્ર ON LINE અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

<u>જગ્યાનું નામ, લાયકાત અને મહેનતાણું :</u>

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) - ગણિત-વિજ્ઞાન | બી.એસ.સી.બી.એડ. - ગણિત-વિજ્ઞાન (ગણિત, આંકડાશસ્ત્ર, ભૌતિક શાસ્ર, રસાયણ શાસ્ર, જીવવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણિશાસ્ત્ર, અને ભૂસ્તરશાસ્ત્ર) પૈકી કોઇપણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે ૪૫% ગુણ સાથે પાસ અને એક વર્ષીય બી.એડ., + ટેટ પાસ મરજીયાત અથવા આ વિષયોમાંથી સ્નાતક + પી.ટી.સી.+ ટેટ પાસ મરજીયાત | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે (ટેટ પાસ ઉમેદવાર માટે) રૂ.૧૦,૦૦૦/- માસિક લેખે (ટેટ પાસ સિવાયના ઉમેદવાર માટે) |
| ૨ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) - સામાજીક વિજ્ઞાન | બી.એ.બી.એડ. - સામાજીક વિજ્ઞાન બી.એ. (ઇતિહાસ, ભુગોળ, નાગરિક શાસ્ત્ર, રાજ્ય શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન) બી.કોમ. (અર્થશાસ્ત્ર સાથે સામાજીક વિજ્ઞાન) વિષય સાથે ૪૫% ગુણ સાથે પાસ અને એક વર્ષીય બી.એડ. + ટેટ પાસ ફરજીયાત અથવા આ વિષયોમાંથી સ્નાતક + પી.ટી.સી.+ ટેટ પાસ ફરજીયાત | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૩ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) - ભાષા | બી.એ.બી.એડ. - ભાષા બી.એ. (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત) વિષય સાથે ૪૫% ગુણ સાથે પાસ અને એક વર્ષીય બી.એડ. + ટેટ પાસ ફરજીયાત અથવા આ વિષયોમાંથી સ્નાતક + પી.ટી.સી.+ ટેટ પાસ ફરજીયાત | |
| ૪ | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) - અંગ્રેજી | બી.એ.બી.એડ. - અંગ્રેજી બી.એ. (અંગ્રેજી) વિષય સાથે ૪૫% ગુણ સાથે પાસ અને એક વર્ષીય બી.એડ. + ટેટ પાસ ફરજીયાત અથવા આ વિષયોમાંથી સ્નાતક + પી.ટી.સી.+ ટેટ પાસ ફરજીયાત | |
| ૫ | વોર્ડન કમ હેડ ટીચર - (નિવાસી) | કોઇપણ વિષયમાં સ્નાતક<br>કોઇપણ વિષયમાં અનુસ્નાતક<br>તાલીમી સ્નાતક કેજીબીવીનો ૩ (ત્રણ) વર્ષનો ફરજીયાત અનુભવ અથવા અન્ય સંસ્થા માટે સરકાર માન્ય નિવાસી શાળા વ્યવસ્થામાં કામગીરી/સંચાલનનો ૩ (ત્રણ) વર્ષનો અનુભવ | રૂ.૨૫,૦૦૦/- માસિક લેખે |

| | | | |
|---|---|---|---|
| ૬ | માધ્યમિક - વોર્ડન કમ હેડ ટીચર - (નિવાસી) | કોઇપણ વિષયમાં સ્નાતક<br>કોઇપણ વિષયમાં અનુસ્નાતક<br>તાલીમી સ્નાતક કેજીબીવીનો ૩ (ત્રણ) વર્ષનો ફરજીયાત અનુભવ અથવા અન્ય સંસ્થા માટે સરકાર માન્ય નિવાસી શાળા વ્યવસ્થામાં કામગીરી/સંચાલનનો ૩ (ત્રણ) વર્ષનો અનુભવ | રૂ.૨૦,૦૦૦/- માસિક લેખે |
| ૭ | - આસિ. વોર્ડન ધો.-૬ થી ૮ અને ધો.-૯ અને ૧૦ - (નિવાસી) | કોઇપણ વિષયમાં સ્નાતક<br>કોઇપણ વિષયમાં અનુસ્નાતક<br>તાલીમી સ્નાતક કેજીબીવીનો ૧ (એક) વર્ષનો ફરજીયાત અનુભવ અથવા અન્ય સંસ્થા માટે સરકાર માન્ય નિવાસી શાળા વ્યવસ્થામાં કામગીરી/સંચાલનનો ૧ (એક) વર્ષનો અનુભવ | રૂ.૧૫,૦૦૦/- માસિક લેખે |
| ૮ | ખંડ સમયના શિક્ષક - એ.ટી.ડી. - (બિનનિવાસી) | કોઇ પણ વિષયમાં સ્નાતક અને એ.ટી.ડી., | રૂ.૭,૫૦૦/- માસિક લેખે |
| ૯ | ખંડ સમયના શિક્ષક - સી.પી.એડ્. - (બિનનિવાસી) | કોઇ પણ વિષયમાં સ્નાતક અને સી.પી.એડ./ ડી.પી.એડ./બી.પી.એડ. | |
| ૧૦ | ખંડ સમયના શિક્ષક - ગણિત-વિજ્ઞાન અને કમ્પ્યુટર - (બિનનિવાસી) | બી.એસ.સી.બી.એડ./બી.એસ.સી.પી.ટી.સી./બી.એસ.સી. | |
| ૧૧ | હિસાબનીશ - (બિનનિવાસી) | બી. કોમ. | |

<u>આવશ્યક લાયકાત: ઉપર મુજબ</u>

1. **ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (TET/TET-II):**
   - ક્રમ-૧ માટે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (TET/TET-II) માં પાસ હોવું મરજીયાત છે.
   - ક્રમ-૨ થી ૪ માટે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (TET/TET-II) માં પાસ હોવું ફરજીયાત છે.

♦ **મેરીટ યાદી નીચે મુજબની પધ્ધતિ પ્રમાણે ગુણાંકન આપી તૈયાર કરવાની રહેશે.**

<u>વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી) માટે</u>

- બી.એ./બી.એસ.સી./બી.કોમ.માં મેળવેલ ગુણના ૫૦%
- એમ.એ./એમ.એસ.સી./એમ.કોમ. માં મેળવેલ ગુણના ૨૦%
- બી.એડ.માં મેળવેલ ગુણના ૩૦%

<u>માધ્યમિક વોર્ડન કમ હેડ ટીચર (નિવાસી) માટે</u>

- બી.એ./બી.એસ.સી./બી.કોમ.માં મેળવેલ ગુણના ૫૦%
- એમ.એ./એમ.એસ.સી./એમ.કોમ. માં મેળવેલ ગુણના ૨૦%
- બી.એડ.માં મેળવેલ ગુણના ૩૦%

**<u>આસિ. વૉર્ડન ધો.-૬ થી ૮ અને ધો.-૯ અને ૧૦ (નિવાસી) માટે</u>**

- કોઇપણ વિષયમાં સ્નાતક ૫૦%
- કોઇપણ વિષયમાં અનુસ્નાતક ૨૦%
- બી.એડ્.માં મેળવેલ ગુણના ૩૦%

**<u>પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) માટે ગુણાંકન :</u>**

- બી.એ./બી.એસ.સી./બી.કોમ. માં મેળવેલ ગુણના ૨૦%
- એમ.એ./એમ.એસ.સી./એમ.કોમ. માં મેળવેલ ગુણના ૦૫%
- બી.એડ./પી.ટી.સી.માં મેળવેલ ગુણના ૨૫%
- (TET/TET-II) માં મેળવેલ ગુણના ૫૦%

**<u>ખંડ સમયના શિક્ષક A.T.D. શિક્ષક માટે (બિન નિવાસી) :</u>**

- A.T.D. માં મેળવેલ ગુણના ૭૦%
- કોઇપણ શાખામાં સ્નાતકમાં મેળવેલ ગુણના ૩૦%

**<u>ખંડ સમયના શિક્ષક C.P.Ed. શિક્ષક માટે (બિન નિવાસી) :</u>**

- C.P.Ed./D.P.Ed./B.P.Ed. માં મેળવેલ ગુણના ૭૦%
- કોઇપણ શાખામાં સ્નાતકમાં મેળવેલ ગુણના ૩૦%

**<u>ખંડ સમયના ગણિત-વિજ્ઞાન અને કમ્પ્યુટર શિક્ષક માટે (બિન નિવાસી) :</u>**

- B.Sc સ્નાતક ૭૦%
- B.Ed./P.T.C. માં મેળવેલ ગુણના ૩૦%
- કમ્પ્યુટરના બેઝીક કોર્ષનું સર્ટિફિકેટ જરૂરી

**<u>ખંડ સમયના શિક્ષક હિસાબનીશ માટે (બિન નિવાસી) :</u>**

- B.Com મેળવેલ ગુણના ૧૦૦%
- નિમણૂંક પામનાર ઉમેદવારે એક માસ જિલ્લા કક્ષાએ **Tally Software** ની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવાની રહેશે.

2. **શૈક્ષણિક અને તાલીમી લાયકાત:**

- ઉપરોકત કોષ્ટક મુજબ
- **વૉર્ડન કમ હેડ ટીચર (ધો.-૬ થી ૮) માધ્યમિક વોર્ડન કમ હેડ ટીચર (ધો.-૯ અને ૧૦), આસિ. વોર્ડન ધો.-૬ થી ૮ અને ધો.-૯ અને ૧૦ ની પોસ્ટ માટે કેજીબીવીમાં કામ કરેલ અનુભવને ૧૦ માર્કસ તથા કેજીબીવી સિવાય અન્ય સંસ્થાઓમાં કામ કરેલ અનુભવને ૬ માર્કસ આપવામાં આવશે. જેની તમામ ઉમેદવારોને નોંધ લેવા વિનંતી**
- ***<u>જે તે વિષયના સ્નાતક ઉપરાંત વધારાની લાયકાત તરીકે તે જ વિષયની અનુસ્નાતકની લાયકાત હોય તો તે પણ ફરજીયાત દર્શાવવી. જેથી ગુણાંકનમાં સમાવેશ થઇ શકે.</u>***
- **<u>નિમણુંકનો પ્રકાર:</u>** કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસથી વધુ નહિં
- **<u>મેરીટ યાદી :</u>** નીચે દર્શાવેલ વિગતે તૈયાર કરવામાં આવશે.
- વોર્ડન કમ હેડ ટીચર પ્રાથમિક-(ધો.-૬ થી ૮) અને માધ્યમિક-(ધો.-૯ અને ૧૦) માટે
- શૈક્ષણિક લાયકાતના - ૭૦% ગુણાંકન
- અનુભવ - ૧૦%
- ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર) - ૨૦%
- આસિ. વોર્ડન પ્રાથમિક-(ધો.-૬ થી ૮) અને માધ્યમિક-(ધો.-૯ અને ૧૦) માટે
- શૈક્ષણિક લાયકાતના - ૯૦% ગુણાંકન

- અનુભવ - ૧૦%
- ઉપરોકત બે સિવાયની તમામ જગ્યાઓ માટે ઉપર દર્શાવેલ વિગતે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.
- <u>વય મર્યાદા:</u> અરજી કરવાની છેલ્લી તારીખે ૪૦ વર્ષથી વધુ નહિં

<u>સામાન્ય શરતો:</u>

1. કોઇ પણ ઉમેદવારે એક જ જીલ્લા માટે અરજી કરવાની રહેશે. એક કરતાં વધુ જીલ્લા માટે અરજી કરેલ હશે તો રદ કરવામાં આવશે.
2. જે તે જગ્યા માટે દર્શાવેલ વિષયની લાયકાત સિવાયની અન્ય લાયકાત દર્શાવીને અરજી કન્ફર્મ કરેલ હશે તો તે પણ રદ કરવામાં આવશે.
3. અગાઉ જે તે જિલ્લામાંથી કોઇ ઉમેદવારને કોઇપણ રીતે કરાર સમાપ્ત કરવામાં આવ્યો હશે તેઓ અરજી કરવાને પાત્ર રહેશે નહિં.

<u>સામાન્ય સુચનાઓ:</u>

1. ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સર્વ શિક્ષા અભિયાન માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે રદ કરવામાં આવશે.
2. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.
3. ઉમેદવાર પોતે કોઇપણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાનો હકદાર થશે નહિં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સર્વ શિક્ષા અભિયાન પ્રોજેકટની સેવા સારું તે, નિયત કરેલ લાયકાત, શરતો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક "રદ" કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે એસ.એસ.એ. નો નિર્ણય આખરી ગણાશે.
4. આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્કતા ઉભી થશે તો તેમ કરવાનો સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગરને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં.
5. **<u>ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ: ૨૫.૦૫.૨૦૧૭ (૨૩:૫૯ કલાક સુધી) મેરીટ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ થવાની તારીખ: ૦૫.૦૬.૨૦૧૭ (બપોરે ૧૬:૦૦ કલાક સંભવિત)</u>**
6. જે તે જીલ્લાવાર અને વિષયવાર ખાલી જગ્યાની માહિતી/વિગતો વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
7. રાજયમાં આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની પ્રાથમિક માહિતી ઓનલાઇન મુકવામાં આવેલ છે.
8. રાજયની કુલ ૧૪૩ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય તથા ૫૯ માધ્યમિક (ધો.-૯ અને ૧૦) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની નામ સરનામાવાળી યાદી ઓનલાઇન મુકવામાં આવેલ છે.
9. કોઇપણ ઉમેદવાર

   (૧) તેની ઉમેદવારી માટે કોઇપણ પ્રકારનો ટેકો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે

   (૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે

(૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવવા હોય તેવા નિવેદનો કરવાના સંજોગોમાં કોઇપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂંક રદ કરી શકાશે.

10. ઉમેદવારે ઓનલાઇન અરજી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.
11. ઓનલાઇન સિવાયની કોઇપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિં.
12. ઓનલાઇન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Confirmation Number નોંધી લેવાનો રહેશે.
13. Upload Photograph/Signature Option માં કલીક કરી સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Confirmation Number અને આપની જન્મ તારીખ એન્ટર કરી આપનો ફોટોગ્રાફ/સહી અપલોડ કરી શકાશે.
14. Online Application Submit કર્યા બાદ જો અરજીમાં કોઇ ભૂલ જણાય તો Edit Application Option માં કલીક કરી સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Confirm Number અને આપની જન્મ તારીખ એન્ટર કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.
15. આપની અરજીને Confirm Application પર કલીક કરી Confirmation Number અને આપની જન્મ તારીખ એન્ટર કરી આપની અરજીને Confirm કરવાની રહેશે. Confirm કરેલી અરજી જ માન્ય ગણાશે અને Confirm થયા પછી અરજી નંબર સાથે સ્ક્રીન પર દેખાતા અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
16. Confirm કરેલી અરજીમાં કોઇપણ પ્રકારનો સુધારો-વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.
17. ઉમેદવારે ઇન્ટરવ્યુ વખતે ઓનલાઇન કરેલ અરજીપત્રકની લીધેલ પ્રિન્ટ સાથે જરૂરી તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે